**૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.**

**૮ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.**

**૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.**

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર બી.એસસી.નર્સિંગ પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે તેમજ નીચે જણાવેલ શરતોની સંપૂર્ણ પૂર્તતા થાય તે આધારે નવું શરતી જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

સમય ગાળો : <u>વર્ષ :– ૨૦૨૩–૨૪</u>

**(નોંધ: (૧) યુ.જી.સી.ના ૨૦૧૨ ના રેગ્યુલેશનમાં જણાવેલ નીચે મુજબ જમીન અંગેની શરતની જોગવાઈ છે.**

3.1.1. Undisputed ownership and possession of land free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in mega cities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities

(૨) ટ્રસ્ટ દ્વારા રજુ કરેલ આધાર ૭/૧૨ ની નકલ મુજબ UGCની જોગવાઈ મુજબ ૫ એકર જરૂરી છે પરંતુ ટ્રસ્ટના પ્રતિનિધિ દ્વારા NEED સમિતિ સમક્ષ કરેલ સ્પષ્ટતા મુજબ ૩.૫૦ એકર જમીન સાથે નર્સિંગ કાઉન્સિલની જોગવાઈ મુજબ INC ની માર્ગદશિકા મુજબ અભ્યાસક્રમ માટે જરૂરી બાધકામ ૩૩ વર્ષ માટે લીઝ એગ્રીમેન્ટ અને હોસ્ટેલ માટે ૫ વર્ષનો એગ્રીમેન્ટ કરેલ છે.

(૩) સિન્ડિકેટના તા.૦૩–૧૦–૨૦૨૩ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૦) અન્વયે, **જે નર્સિંગ કોલેજોને નવા જોડાણ માટે રાજય સરકારશ્રીને ભલામણ કરેલ હોય તે સિવાયની નવી નર્સિંગ કોલેજોને જોડાણ આપવું નહીં અને તેમની જોડાણ ફી પરત કરવી અને શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪ માટે નવી કોઈપણ નર્સિંગ કોલેજની જોડાણ અરજી સ્વીકારવી નહીં.એમ ઠરાવેલ છે.**

(૪) સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સંજીવની ફાઉન્ડેશન,(ગુજરાત હાઉસિંગ બોર્ડ, કલાપી રોડ, અમદાવાદ.) આયુષ હોસ્પિટલ, ૨૩૨–પ્લોટ નં, મહાદેવ નગર–૩, ડીંડોલી, સુરત.–૩૯૪૨૧૦ સંચાલિત આશા ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ, ડીંડોલી રોડ, સુરતની બી.એસસી (નર્સિંગ) ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટેની નવા જોડાણની અરજી સંદર્ભમાં સદર સંસ્થાને રાજય સરકારશ્રીનું Essentiality Certificate અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલની મંજૂરી મળેલ હોવાથીસ્થાનિક તપાસ સમિતિની અહેવાલ સ્વીકારી શરતોનું પરીપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે બી.એસસી (નર્સિંગ) ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૫. ICCR સ્કોલરશીપ અંતર્ગત અભ્યાસ જે વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માં યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યા હોય અને વર્ષ ૨૦૨૩–૨૪ માં પણ તેઓનો અભ્યાસ ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓની ફી (નીચેના કોષ્ટક મુજબ) કરતાં ICCR ધ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવેલ છે. પરંતુ જમા કરાવેલ ફી માં પીએચ.ડી કરતાં ૨(બે) વિદ્યાર્થીઓની ફી જમા કરાવેલ ન હોય, ICCR ઓફિસ સાથે ટેલિફોનિક ચર્ચા કરતાં પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ICCR ની નીચેની ગાઈડલાઈનને અનુસંધાને ત્રણ(૩) વર્ષમાં જ પીએચ.ડી સંશોધન અભ્યાસ પૂર્ણ કરવાનો હોય છે. જો સંશોધનાર્થી ત્રણ વર્ષમાં પીએચ.ડી પૂર્ણ ન કરે તો, માર્ગદર્શક શિક્ષકની ભલામણ અન્વયે વધુ ૨ વર્ષની સમય મર્યાદા વધારવામાં આવે છે અને ICCR ધ્વારા વિદ્યાર્થીઓને stipend મળવા પાત્ર રહે છે. પરંતુ યુનિવર્સિટીને કોઈપણ પ્રકારની ટયુશન ફી મળવા પાત્ર રહેતી નથી.

<u>ICCR Guidelines : (29)</u>The tenure of scholarship for regular Ph.D student is 3 years. lt should be an endeavour of each research student to complete the dissertation work within 3 years of regular Ph.D. study tenure. In any case, extant ICCR norms restrict the maximum period of scholarship up to 5 years for Ph.D course. In addition ICCR provides maximum 6 months of scholarship to defend the thesis / for Viva Voce for Ph.D.

(૧) નીચે મુજબના પીએચ.ડી કરતાં વિદ્યાર્થીઓની ફી ધ્વારા જમા કરાવેલ છે. જે વિદ્યાર્થીઓનો અભ્યાસ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માં પણ ચાલુ હતો.

| No | Name | Date of Joinig | Duration Of Course | Date of Notification | Fees Recived By ICCR per Year | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | 19-20 | 20-21 | 21-22 |
| 1 | Juma Rasuli | 28-08-2019 Ph.D. Reg. Dt. 26-11-2019 | 3 Years 6 Months | 21-3-2023 | 22280 | 22280 | 22280 |
| 2 | Oke Emmanuel | 2019-07-10 Ph.D. Reg. Dt. 25-11-2019 | 3 Years 10 Months | 11-5-2023 | 28280 | 22280 | 22280 |

(૨) ICCR ધ્વારા વર્ષ ૨૦૨૨–૨૩ ની જમા કરાવેલ ફી ની વિગત.

| INDIAN COUNCIL FOR CULTURAL RELATIONS, AHMEDABAD<br>SCHOLARSHIP PAYMENT ( TUITION FEES AND HOSTEL FEES FOR A.Y. 2022-23) IN THE MONTH OF MARCH 2023 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| SL | NAME | COUNTRY | COURSE | INST | TF/OCF | HF | TOTAL |
| 1 | Ms. Arezo Rahimi | Afghanistan | BBA | VNSGU | 23,950 | 40,000 | 63,950 |
| 2 | Mr. Qiamuddin Andaish | Afghanistan | Ph.D (Economics) | VNSGU | 18,180 | 0 | 18,180 |
| 1 | Ms. Cleide Da Conceicao Orlando Lino | Mozambique | BBA | VNSGU | 23,950 | 0 | 23,950 |
| 2 | Ms. Mankholi Anna Mokomane | Lesotho | BBA | VNSGU | 23,950 | 0 | 23,950 |
| 3 | Mr. Frengue Alberto Gobe | Mozambique | BBA | VNSGU | 23,950 | 0 | 23,950 |
| 4 | Ms. Teresa Paulo Urombo | Mozambique | B.A. (Economics) | VNSGU | 11,240 | 0 | 11,240 |
| 5 | Ms. Diana Nzuttu Ruguge | Tanzania | B.SC (Optometry) | VNSGU | 66,040 | 40,000 | 106,040 |
| 6 | Ms. Anabela Simao | Mozambique | B.Sc (Bio-Tech) | VNSGU | 38,765 | 0 | 38,765 |

આથી ICCR ની ગાઈડલાઈન મુજબ ઉપરોકત ૨ વિદ્યાર્થીઓની ફી મળેલ નથી. જે ધ્યાને લઈ ICCR સંશોધનાર્થી પીએચ.ડી. સંશોધન અભ્યાસ ત્રણ વર્ષ(૩) વર્ષમાં પૂર્ણ ન કરે તો યુનિવર્સિટીને ફી મળે કે નહી એ સંદર્ભમાં ICCR નું માર્ગદર્શન મેળવતા ICCR ધ્વારા તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજના ઈમેઈલથી નીચે મુજબની માહિતી આપેલ છે.

This is with reference to your email, this is to inform you that, in case student is not able to complete Ph.D course within 3 years, there is a provision of extension of scholarship to student based on University's recommendation letter.

It may be noted herein that, TF/OCF would not be given to University for extended period of time. Stipend and HRA payment will continue to student till completion of study.

Therefore, it is expected from University to encourage students to complete Ph.D course within timeframe.

જે ધ્યાનમાં લઈ ICCR અંતર્ગત પીએચ.ડી. કરતાં વિદ્યાર્થીઓ પાસે ૩ વર્ષ બાદ ફી લેવાનું રાખીએ કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

<u>હાલમાં ૨૬ વિદ્યાર્થીઓ પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરી રહ્યા છે.</u>

૧. જો ફી લેવાની થઈ તો કેટલી રાખવી ?
૨. જો ફી લેવાની થાય નો અન્ય (ભારતીય) સંશોધનાર્થી પાસે લઈએ છે તે જ ફી લેવી કે કેમ?
૩. જો ફી લેવાની હોય તો તેની જાણ સંશોધનાર્થીને કરીએ.

:: **આથી ઠરાવવામાં આવે છે કે,ICCR ને UGC ની જોગવાઈ મુજબના સમયગાળા સુધી યુનિવર્સિટીને પણ વિદ્યાર્થીઓની ફી આપવા અંગે રજૂઆત કરવી.**

| | |
|---|---|
| ૧૬. | વિદ્યાર્થીએ એપ્રિલ–૨૦૨૩માં એલએલ.બી. સેમેસ્ટર–૫ ની પરીક્ષા શીટ નં.૧૧૫૯ અને એલએલ.બી સેમેસ્ટર–૬ ની પરીક્ષા શીટ નં.૧૩૩૯ થી પરીક્ષા આપેલ જેમાં યુનિવર્સિટીએ જાહેર કરેલ પરિણામથી અસંતુષ્ટ હોય તેઓની વિષય–TheCode of Criminal Procedure, Law of Evidence, Intellectual Property Rights અને Alternative Dispute Resolutionની ઉત્તરવહી અન્ય યુનિવર્સિટીમાં મૂલ્યાંકન કરવા આપવા માટે વિનંતી કરેલ જે સંદર્ભે તા.૩૦/૦૯/૨૦૨૩ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશાનુસાર અત્રેના તા.૦૫/૧૦/૨૦૨૩ ના પત્રથી ડીનશ્રી અભિપ્રાય મંગાવવામાં આવેલ જેઓનો તા.૧૩/૧૦/૨૦૨૩નો અભિપ્રાય આ સાથે સામેલ છે.<br>જેમાં, લો ફેકલ્ટીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માજ ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવાનું રહેશે પરંતુ ખાસ સંજોગોમાં ઉત્તરવહીઓનું મૂલ્યાંકન અન્ય યુનિવર્સિટીમાં મૂલ્યાંકન કરાવવું " જે અંગે વિચારણા કરવા બાબત.<br>:: **આથી ઠરાવવામાં આવે છે કે,સદર બાબતે અધરધેન ડીનશ્રીના અભિપ્રાય અનુસાર ખાસ કિસ્સામાં ભવિષ્યમાં ઉદાહરણ રૂપે ન લઈ ઉત્તરવહીઓનું મૂલ્યાંકન અન્ય યુનિવર્સિટીમાં કરાવવું.** |
| ૧૭. | યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો અને સંલગ્ન કોલેજોમાં ઓર્ડિનન્સ–૧૮૮ ની જોગવાઈ અને તે જોગવાઈમાં થયેલ સુધારા મુજબ સર્ટીફિકેટ કોર્ષ, ડિપ્લોમાં કોર્ષ અને એડવાન્સ ડીપ્લોમાં કોર્ષ શરૂ કરવાની દરખાસ્તને મલ્ટી ડીસીપ્લીનરી કાઉન્સિલ દ્વારા કે એકેડમિક કાઉન્સિલ દ્વારા મંજુરી બાદ નિયત ફોર્મમાં અરજી કરવા સાથે SOP નું પાલન કરવાની શરતે આપેલ મંજુરી મુજબના કોર્ષ જે તે અનુસ્નાતક વિભાગ કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજ દ્વારા નિયત ફી જમા કરાવ્યા સાથે સફળતા પૂર્વક પૂર્ણ કરેલ છે. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગ કે કોલેજોને મંજુરી મળેલ કોર્ષ ફરી શરૂ કરવાની વિનંતી કરે તો ઓર્ડિનન્સ–૧૮૮ માં રીન્યુઅલ પ્રોસેસ માટે નિયત ફોર્મમાં અરજી કે કોર્ષની ફોર્મ સાથે ફરી ફી જમા કરાવવા બાબતે જોગવાઈ ન હોવાનું ધ્યાને આવેલ છે તેની જાણ સાથે જે અનુસ્નાતક વિભાગો કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને આપેલ મંજુરી મુજબના સર્ટીફિકેટ કોર્ષ/ ડિપ્લોમાં કોર્ષ/ એડવાન્સ ડીપ્લોમાં કોર્ષ ફરી શરૂ કરવા ઈચ્છુક હોય તો તેઓ પાસેથી રિન્યુઅલ ફોર્મ સાથે કોર્ષની ફી જમા કરાવ્યેથી મંજુરી આપવાની કાર્યવાહી કરીએ કે કેમ તે પર વિચારણા કરવા બાબત.<br>(જોડાણ વિભાગ)<br>:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે ઓર્ડિનન્સ–૧૮૮ ના પેરા નં.૯ ( C ) ૧૧ અનુસાર અનુસાર કાર્યવાહી કરવી.** |

| | |
|---|---|
| | **અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ બાબત.** |
| ૧૮. | વાણિજ્ય વિદ્યાશાખા હેઠળની બી.બી.એ.ની એડહોક સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ 2023-24 થી અમલમાં આવનાર બે વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ Master of Management Studies (MMS) (સેમેસ્ટર-1 થી 4)શરૂ કરવામાં આવ્યો હોય, સદર અભ્યાસક્રમની પરીક્ષા ફી કેટલી રાખવીજે અંગે આ કાર્યાલયની તા. 10-10-2023 ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશાનુશાર ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ હોય, જેમાં (1) ડૉ. જયદીપ ચૌધરી (2) ડૉ. મુકેશભાઈ ગોયાણી (3) ડૉ. મેહુલભાઈ દેસાઇ, જે **સમિતિની** સભા તા. 11-10-2023 ન i રોજ સાંજે 4-00 કલાકે ઓનલાઈન રાખવામાં આવેલજે **સમિતિ**નો અહેવાલ આ સાથે સામેલ છે.<br><br>**અહેવાલ**<br><br>યુનિવર્સિટી કાર્યાલય ની તા. 10-10-2023 ની કાર્યાલય નોંધ પર Master ofManagement Studies (MMS) (સેમેસ્ટર-1 થી 4) ની ફી અંગે માર્ગદર્શન મેળવવા માં. કુલપતિશ્રીના આદેશથી મેનેજમેન્ટ ફેકલ્ટીના પત્ર ક્રમાંક : પરીક્ષા/ મેનેજમેન્ટ/22743/2023 ના પત્ર થી તા. 12-10-2023 ના રોજ સાંજે 4-00 કલાકે ઓનલાઇન મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું, જેના અનુસંધાને કમિટીના સભ્યો દ્વારા યુનિવર્સિટીમાં ચાલતા અન્ય કોર્ષની સમકક્ષ પરીક્ષા ફી લેવાની ભલામણ કરેલ છે. જેથી આ કોર્ષની પરીક્ષાની ફી ` 200/- per subject તથા આવેદનપત્રની ફી ` 30/- લેવાનું ઠરાવવામાં આવેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.<br>**(પરીક્ષા વિભાગ)**<br><br>:: **આથી ઠરાવવામાં આવે છે કે, વાણિજય વિદ્યાશાખા હેઠળની બી.બી.એ.ની એડહોક સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર બે વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ Master of Management Studies (MMS) (સેમેસ્ટર ૧ થી ૪) શરૂ કરવામાં આવ્યો હોય, સદર અભ્યાસક્રમની પરીક્ષા ફી કેટલી રાખવી જે અંગે તા.૧૦/૧૦/૨૦૨૩ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશાનુસાર ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ હોય, જેમાં (૧) ડૉ.જયદીપ ચૌધરી (૨) ડૉ.મુકેશ ગોયાણી (૩) ડૉ.મેહુલ દેસાઈ, જે કમિટીની સભા તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ ઓનલાઈન રાખવામાં આવેલ જે સમિતિનો અહેવાલનો સ્વીકાર કરી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે.** |
| ૧૯. | એસ.એસ.માહલા કોમ્પ્યૂટર સાયન્સ કોલેજ , કુકડનખી કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૭–૧૦–૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ SSM-B.Voc-44 થી સદર કોલેજને યુનિવર્સિટી **દ્વારા સદર કોલેજને** શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪માં બી.વોક (આઈ.ટી) માટેની પરવાનગી આપેલ છે. સદર કોલેજને ૬૦ વિધાર્થીઓને પ્રવેશ ફાળવવાની પરવાનગી મળેલ છે. સદર કોલેજે વધારાના બે ડિવિઝન આપવા માટે વિનંતી કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.<br><br>• સિન્ડિકેંટની તા.૨૮–૦૭–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક(૧૩૧) અન્વયે રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી એમ ઠરાવેલ હોય, તેમજ સિન્ડિકેંટની તા.૨૮–૦૮–૨૦૨૩ સભાના ઠરાવ ક્રમાંક (૨) અન્વયે 473 AA ની જોગવાઈ સંદર્ભે રાજય સરકારશ્રીની મંજૂરીની અપેક્ષાએ રાજય સરકારશ્રીને ભલામણ કરવી એમ ઠરાવેલ હોઈ, યુનિવર્સિટી ના તા.૧૮–૦૯–૨૦૨૩ના પત્ર ક્રમાંકઃ જોડાણ(સૈધ્ધાંતિક)(માહલા)(બી.વોક)(૨૩)/૨૩૨૭૪ થી સૈધ્ધાતિક પૂર્વ મંજૂરી અંગે ઉચ્ચ શિક્ષણ,ગાંધીનગર કચેરીને દરખાસ્ત કરવામાં આવેલ છે. સદર કોલેજની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી હજી સુધી મળેલ નથી.<br>**(જોડાણ વિભાગ)** |

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે રાજય સરકારશ્રીની સૈધ્ધાતિક પૂર્વમંજૂરી રજૂ કર્યેથી આગળની કાર્યવાહી કરવી.**

૨૦. આદિવાસી શકિત મંડળ, પો.સરઈ, તા.ઉમરગામ, જિ.વલસાડ સંચાલિત શ્રી વિવેકાનંદ નર્સિંગ કોલેજ મુ. પો. માણેકપુર, તા. ઉમરગામ, જિ.વલસાડની નીચે દર્શાવેલ વિગતે બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશ: જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૮–૦૧–૨૦૨૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક: (૨૧૪) અન્વયે માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એસસી. (નર્સિંગ)(સ્વનિર્ભર) | ચાલુ/ક્રમશઃ જોડાણ | તા.૧૫–૬–૨૦૨૩ થી તા.૧૪–૬–૨૦૨૪ (૧ વર્ષ) |

**શરતો:**

૧. સંસ્થા પાસે પ્રિન્સીપાલ નથી જેથી કાયમી ધોરણે નિયત લાયકાત ધરાવતા પ્રિન્સીપાલની નિમણુક કરવી.
૨. હાલમાં એક પણ અધ્યાપક યુનિવર્સિટીની માન્યતા ધરાવતો પૂર્ણકાલીન નથી. સંસ્થાએ નર્સિંગ કાઉન્સિલ ના નિયમ મુજબ પૂર્ણકાલીન યુનિવર્સિટી માન્ય અધ્યાપકોની નિમણુંક કરવી.
૩. યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ વહીવટ સ્ટાફની નીમણુંક કરવી.
૪. નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબ લાયબ્રેરીમાં વધુ બૂકસ અને જર્નલ્સ તેમજ વિવિધ લેબોરેટરીમાં સાધનો અને ઈંફ્રાસ્ટ્રકચર પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવું.
૫. યુનિવર્સિટીના 0.69(A) અને 0.69(B) ,66(3) ના ઓર્ડીનન્સનું ચુસ્પણે પાલન કરવું.
**૬. ઉપરોકત તમામ શરતોના પરિપાલન થવાને શરતે સદર અભ્યાસક્રમને મંજુરી આપવા કાર્યવાહી કરવી.**

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર B.Sc. Nursing પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે તેમજ નીચે જણાવેલ શરતોની સંપૂર્ણ પૂર્તતા થાય તે આધારે ચાલુ / ક્રમશઃ શરતી જોડાણ આપવાભલામણ કરીએ છીએ.
સમય ગાળો :૨૦૨૩–૨૪

**(નોંધ :**(૧)સદર કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માં બી.એસસી. નર્સિંગનું નવું જોડાણ આપવા માટે સિન્ડિકેટના તા.૧૨–૦૫–૨૦૨૨ના ઠરાવ ક્રમાંક (૧૯) અન્વયે, મંજૂર કરવા સાથે રાજય સરકારશ્રીને ભલામણ કરવા ઠરાવેલ છે જે મુજબ સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી માટે દરખાસ્ત ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી ગાંધીનગરને તા.૧૫–૦૨–૨૦૨૩ ના પત્ર થી મોકલવામાં આવેલ છે. પરંતુ આજ દિન સુધી સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવામાં આવેલ નથી.
(૨)સદર કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન પ્રવેશ ફાળવવામાં આવેલ નથી.
(૩) સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આદિવાસી શકિત મંડળ, પો.સરઈ, તા.ઉમરગામ, જિ.વલસાડ સંચાલિત શ્રી વિવેકાનંદ નર્સિંગ કોલેજ મુ.પો. માણેકપુર, તા. ઉમરગામ, જિ.વલસાડની બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની અહેવાલ સ્વીકારી શરતોનું પરીપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૨૧. **મોડેલ એજયુકેશન ટ્રસ્ટ , ૩, શાલીમાર સોસાયટી , અડાજણ પાટીયા, સુરત સંચાલિત મોડેલ વુમર્નસ કોલેજ , ગાભેણી રોડ , ઉન પાટીયા , સુરત** ની નીચે દર્શાવેલ વિગતે બી.એસસી (નર્સિંગ) ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ NEED સમિતિનો અહેવાલ બાબતે સિન્ડિકેટ ભવિષ્યમાં જે નિર્ણય કરે તે સ્વીકારવાની શરતે માનનીય કુલપતિશ્રીએ સ્થાનિક તપાસ સમિતિની નિયુકિત કરેલ હોય જે સમિતિનો યુનિવર્સિટીમાં જમા કરાવેલ અહેવાલ, NEED સમિતિની ભલામણને સિન્ડિકેટની તા. ૦૩–૧૦–૨૦૨૩ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૧) થી ના મંજૂર કરવામાં આવેલ છે તેની જાણ સાથે સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

| વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|
| બી.એસસી.(નર્સિંગ) (સ્વનિર્ભર) | નવું જોડાણ | તા.૧૫–૬–૨૦૨૩ થી તા.૧૪–૬–૨૦૨૪ (૧ વર્ષ) |

**શરતોઃ**

1. Faculties & Non - teaching staff need to be appointed.
2. Laboratories& Library required to be functional.
3. Infrastructure should be as per INC& gnc norms.
4.Essentiality Certificate & BUC to be sumitted to the University.
5. Bank Guarantee has to be as per the norms (50 lakhs for two courses).
6. MoU with the parent Hospital has to be done.
7. Institution has to fulfill INC,GNC,Government & VNSGU norms from time to time.
8. No Debt Certificate from the Charity Commissioner office has to be procured.

**<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>**

૧. **યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.**
૨. **મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો )**
૩. **સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.**
૪. **ડિપોઝીટની શરત અન્વયે મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશનરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.**
૫. **કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.**
૬. **કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.**
૭. **યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉધરાવી શકાશે નહિ.**
૮ **વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.**
૯. **ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.**

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે નવું જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**(નોંધઃ (૧) યુ.જી.સી.ના ૨૦૧૨ ના રેગ્યુલેશનમાં જણાવેલ નીચે મુજબ જમીન અંગેની શરતની જોગવાઈ છે.**

3.1.1. Undisputed ownership and

possession of land free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in mega cities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities

(૨) જોડાણ અરજી પત્રકમાં જમીન ૨.૭૨ એકર છે. ૭–૧૨ની નકલમાં જમીન ટ્રસ્ટના નામે છે. અને ૮–અ ના ઉતારામાં જમીન ખેતીલાયક ઉપયોગ માટે દર્શાવેલ છે.

(૩) સિન્ડિકેટના તા.૦૩–૧૦–૨૦૨૩ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૦) અન્વયે, જે **નર્સિંગ કોલેજોને નવા જોડાણ માટે રાજય સરકારશ્રીને ભલામણ કરેલ હોય તે સિવાયની નવી નર્સિંગ કોલેજોને જોડાણ આપવું નહીં અને તેમની જોડાણ ફી પરત કરવી અને શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪ માટે નવી કોઈપણ નર્સિંગ કોલેજની જોડાણ અરજી સ્વીકારવી નહીં.એમ ઠરાવેલ છે.**

(૪) સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મોડેલ એજયુકેશન ટ્રસ્ટ, ૩, શાલીમાર સોસાયટી , અડાજણ પાટીયા, સુરત સંચાલિત મોડેલ વુમર્નસ કોલેજ , ગાભેણી રોડ , ઉન પાટીયા , સુરતની બી.એસસી (નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાંચકાસણી સમિતિની નિયુકિત કરવી અને સમિતિના નામો માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૨૨. **New Education Policy** અંતર્ગત તા.૧૯/૧૦/૨૦૨૩ની કાર્યાલય નોંધ પર મા.કુલપતિશ્રી દ્વારા આગામી સેમેસ્ટર–૧ની પરીક્ષા અંગેના ફોર્મ વિડ્રોલ, આંતરિક ગુણ વિગેરે અંગે જરૂરી સ્પષ્ટતાઓ/નિયમો બાબતે સમિતિની રચના કરવામાં આવી હોય જે અંગેના આ સાથે સામેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા વિભાગ/સંકલન )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, New Education Policy અંતર્ગત તા.૧૯/૧૦/૨૦૨૩ની કાર્યાલય નોંધ પર મા.કુલપતિશ્રી દ્વારા આગામી સેમેસ્ટર–૧ની પરીક્ષા અંગેના ફોર્મ વિડ્રોલ, આંતરિક ગુણ વિગેરે અંગે જરૂરી સ્પષ્ટતાઓ/નિયમો બાબતે સમિતિનો અહેવાલ સ્વીકારી જરૂરી સુધારા વધારા સાથે મંજૂર કરવામાં આવે છે.**

**વધુમાં, વિજ્ઞાન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ મેજર, માઈનોર, મલ્ટીડિસિપ્લીનરી, AEC, SEC, VAC વિષયમાં (જે વિષયોમાં થિયરી અને પ્રેકટીકલ બન્ને ઘટક (કોમ્પોનન્ટ) હોય ત્યાં ) વિષય દીઠ થિયરી અને પ્રેકટીકલમાં માકર્સ અને ક્રેડીટ અલગથી દર્શાવવી અને થિયરી અને પ્રેકટીકલમાં અલગ અલગ પાસ થવાનું રહેશે તથા વિદ્યાર્થી થિયરી અને પ્રેકટીકલ બન્નેમાં પાસ થયેથી ક્રેડીટ આપવાની રહેશે.**

**વધુમાં, વિનયન અને વાણિજય વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ મેજર, માઈનોર, મલ્ટીડિસિપ્લીનરી, AEC,SEC, VAC વિષયમાં (જે વિષયોમાં થિયરી અને પ્રેકટીકલ બન્ને ઘટક (કોમ્પોનન્ટ) હોય ત્યાં ) વિષય દીઠ થિયરી અને પ્રેકટીકલમાં માકર્સ અને ક્રેડીટ અલગથી દર્શાવવી અને થિયરી અને પ્રેકટીકલમાં અલગ અલગ પાસ થવાનું રહેશે તથા વિદ્યાર્થી થિયરી અને પ્રેકટીકલ બન્નેમાં પાસ થયેથી ક્રેડીટ આપવાની રહેશે.**

**વધુમાં, વિનયન અને વાણિજય વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ જે વિષયમાં હાલમાં સંયુકત (Combo) રીતે પાસ થવાનું છે તેના બદલે હવેથી તે વિષયના દરેક પેપર દીઠ અલગ અલગ (Individually) પાસ થવાનું રહેશે.**

**(પરિશિષ્ટ )**

| | |
|---|---|
| ૨૩. | ગ્રામઅભ્યાસ વિદ્યાશાખાની સભા દ્વારા એક વર્ષનો Post Graduate Diploma in Rural Development (સેમેસ્ટર-1 અને 2) નો અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવેલ હોય, સદર અભ્યાસક્રમમા શૈક્ષણિક વર્ષ 2023-24 થી વિદ્યાર્થીઓ એનરોલમેન્ટ થયા હોય, સદર કોર્ષની પરીક્ષા ફી નક્કી થયેલ ન હોય, તો સદર અભ્યાસક્રમની પરીક્ષા ફી કેટલી રાખવી / લેવી જે અંગે વિચારણા કરવા બાબત.<br><br>(પરીક્ષા વિભાગ/પીજી મેનેજમેન્ટ )<br>:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કોર્સની પરીક્ષા ફી રૂા.૧૦૦૦/– રાખવી.** |
| ૨૪. | વી. કેર. કોલેજ ઓફ નર્સિંગ, માંડવી દેવગઠ વિભાગ, જંગલ કામદાર સહકારી મંડળી, તા.માંડવી, જી. સુરત ની નીચે દર્શાવેલ વિગતે **બી.એસસી.(નર્સિંગ)**ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૮–૦૧–૨૦૨૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૧૪) અન્વયે માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.<br><br>**ક્રમ** \| **વિષય / અભ્યાસક્રમ** \| **જોડાણનો પ્રકાર** \| **સમયગાળો**<br>1. \| **બી.એસસી. (નર્સિંગ)**(સ્વનિર્ભર) \| ચાલુ/ક્રમશઃ જોડાણ \| તા.૧૫–૬–૨૦૨૩ થી તા.૧૪–૬–૨૦૨૪ (૧ વર્ષ)<br><br>**શરતોઃ**<br>૧. સંસ્થા પાસે પ્રિન્સીપાલ નથી જેથી કાયમી ધોરણે નિયત લાયકાત ધરાવતા પ્રિન્સીપાલની નિમણુક કરવી.<br>૨. હાલમાં એક પણ અધ્યાપક યુનિવર્સિટીની માન્યતા ધરાવતો પૂર્ણકાલીન નથી. સંસ્થાએ નર્સિંગ કાઉન્સિલ ના નિયમ મુજબ પૂર્ણકાલીન યુનિવર્સિટી માન્ય અધ્યાપકોની નિમણૂંક કરવી.<br>૩. યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ વહીવટ સ્ટાફની નીમણુંક કરવી.<br>૪. નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબ લાયબ્રેરીમાં વધુ બૂકસ અને જર્નલ્સ તેમજ વિવિધ લેબોરેટરીમાં સાધનો અને ઈંફ્રાસ્ટ્રકચર પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવું.<br>૫. યુનિવર્સિટીના 0.69(A) અને 0.69(B) ,66(3) ના ઓર્ડીનન્સનું ચુસ્પણે પાલન કરવું.<br>૬. ઉપરોકત તમામ શરતોના પરિપાલન થવાને શરતે સદર અભ્યાસક્રમને મંજુરી આપવા કાર્યવાહી કરવી.<br><br>**ભલામણ :**<br>અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર B.Sc. Nursing પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે તેમજ નીચે જણાવેલ શરતોની સંપૂર્ણ પૂર્તતા થાય તે આધારે ચાલુ / ક્રમશઃ શરતી જોડાણ આપવાભલામણ કરીએ છીએ.<br>સમય ગાળો :૨૦૨૩–૨૪<br><br>(જોડાણ વિભાગ)<br>:: **આથી ઠરાવવામાં આવે છે કે,વી. કેર. કોલેજ ઓફ નર્સિંગ, માંડવી દેવગઠ વિભાગ, જંગલ કામદાર સહકારી મંડળી, તા.માંડવી, જી. સુરતની બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.** |

| | |
|---|---|
| ૨૫. | **એકતા કોલેજ ઓફ નર્સિંગ, ૬૧–તાડકુવા, તા.વ્યારા, જી.તાપીની નીચે દર્શાવેલ વિગતે બી.એસસી.(નર્સિંગ)ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૮–૦૧–૨૦૨૩ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૧૪) અન્વયે માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.** |

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એસસી. (નર્સિંગ)(સ્વનિર્ભર) | ચાલુ/ક્રમશઃ જોડાણ | તા.૧૫–૬–૨૦૨૩ થી તા.૧૪–૬–૨૦૨૪ (૧ વર્ષ) |

**શરતોઃ**

૧. સંસ્થા પાસે પ્રિન્સીપાલ નથી જેથી કાયમી ધોરણે નિયત લાયકાત ધરાવતા પ્રિન્સીપાલની નિમણુક કરવી.
૨. હાલમાં એક પણ અધ્યાપક યુનિવર્સિટીની માન્યતા ધરાવતો પૂર્ણકાલીન નથી. સંસ્થાએ નર્સિંગ કાઉન્સિલ ના નિયમ મુજબ પૂર્ણકાલીન યુનિવર્સિટી માન્ય અધ્યાપકોની નિમણૂંક કરવી.લાઈબ્રેરીયનની નિમણૂંક કરવી.
૩. INC,GNC, અને યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ વહીવટ સ્ટાફની નીમણૂંક કરવી.
૪. નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબ લાયબ્રેરીમાં વધુ બૂકસ અને જર્નલ્સ તેમજ વિવિધ લેબોરેટરીમાં સાધનો અને ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવું. એડવાંસ નર્સિંગ લેબોરેટરીમાં નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબ સાધનોની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી.
૫. કલાસરૂમ અને લેબોરેટરીમાં નેચરલ વેંટીલેશન (બારી) ઉપલબ્ધ નથી. જેથી દરેક કલાસરૂમમાં એ.સી.ની વ્યવસ્થા કરવી.
૬. હાલમાં કાર્યરત મકાન વપરાશનું સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીર્પોટ આપવાનો રહેશે તેમજ સંસ્થા પાસે મકાન વપરાશનું BUC સર્ટીફીકેટ સરકાર માન્ય સંસ્થા પાસે મેળવી રજૂ કરવાનુ રહેશે.
૭. બોયસ અને ગર્લ્સ કોમન રૂમની અલગથી વ્યવસ્થા કરવી.
૮. સંસ્થા ખાતે સેનેટરી વેડિંગ મંશીનની વ્યવસ્થા કરવી
૯. યુનિવર્સિટીના 0.69(A) અને 0.69(B) ઓર્ડીનન્સનું ચુસ્પણે પાલન કરવું.
૧૦. સંસ્થાએ યુનિવર્સિટી GNC અનેINC ના ધારાધોરણ અને શરતોનું ચુસ્ત પણે પાલન કરવું
**૧૧. ઉપરોકત તમામ શરતોના પરિપાલન થવાને શરતે સદર અભ્યાસક્રમને મંજુરી આપવા કાર્યવાહી કરવી.**

**ભલામણ :**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર B.Sc. Nursing પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે તેમજ નીચે જણાવેલ શરતોની સંપૂર્ણ પૂર્તતા થાય તે આધારે ચાલુ / ક્રમશઃ શરતી જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.
સમય ગાળો :૨૦૨૩–૨૪

**નોંધ :**

**(૧)** સદર કોલેજને સૈધ્ધાંતિક પૂવ મંજુરી અંગે દરખાસ્ત ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગરને કરેલ હોય પરંતુ સૈધ્ધાંતિક પૂર્વ મંજુરી આજ દિન સુધી આવેલ નથી.
(૨)સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,એકતા કોલેજ ઓફ નર્સિંગ, ૬૧–તાડકુવા, તા.વ્યારા, જી.તાપીની બી.એસસી. (નર્સિંગ) ના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ/ક્રમશઃ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં ચકાસણી સમિતિની નિયુકિત કરવી અને સમિતિનાં નામો આપવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

| | |
|---|---|
| ૨૬. | NEP-2020 અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈનનો Sem.- 1અને Sem.- 2નો Major, Minor, MDC, AEC, SEC અને VACનો અભ્યાસક્રમ અને માળખું સ્વીકારી એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૧૦/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૨ થી મંજૂર થયેલ અભ્યાસક્રમને જરૂરી સુધારા સાથે મંજૂર કરવા ઈન્ટીરીયર ડિઝાઈન વિષયની નિયુકત એડહોક અભ્યાસ સમિતિના કન્વીનરશ્રીએ અભ્યાસ સમિતિવતી તેમજ વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખા વતી કાર્યકારી ડીનશ્રીએ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.<br>(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)<br>:: **આથી ઠરાવવામાં આવે છે કે, NEP-2020 અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર બેચલર ઓફ ઈન્ટીરીયર ડિઝાઈનનો Sem.- 1 અને Sem.-2 નો Major, Minor, MDC, AEC, SEC અને VACનો અભ્યાસક્રમ અને માળખું સ્વીકારી એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૧૦/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૨ થી મંજૂર થયેલ અભ્યાસક્રમને જરૂરી સુધારા સાથે મંજૂર કરવા ઈન્ટીરીયર ડિઝાઈન વિષયની નિયુકત એડહોક અભ્યાસ સમિતિના કન્વીનરશ્રીએ અભ્યાસ સમિતિવતી તેમજ વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખા વતી કાર્યકારી ડીનશ્રીએ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**<br>**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ના પ્રથમ સેમેસ્ટર માટે જ VAC હેઠળના IKS કોર્સ માટે ઈન્ટીરીયર ડિઝાઈન અભ્યાસક્રમની એડહોક અભ્યાસ સમિતિએ સુચવેલ અભ્યાસક્રમને મંજુરી આપવી.** |
| ૨૭. | NEP-2020 અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર બેચલર ઓફ ફાઈન આર્ટસનું Sem.- 1 અને Sem.- 2નું માળખું, PO, PSO, CO અને Major, Minor, MDC, AEC, SEC અનેVAC નો અભ્યાસક્રમ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૧૦/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૩ થી મંજૂર થયેલ અભ્યાસક્રમને જરૂરી સુધારા સાથે મંજૂર કરવા ફાઈન આર્ટસ વિષયની નિયુકત એડહોક અભ્યાસ સમિતિના કન્વીનરશ્રીએ અભ્યાસ સમિતિવતી તેમજ વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખા વતી કાર્યકારી ડીનશ્રીએ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.<br>(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)<br>:: **આથી ઠરાવવામાં આવે છે કે,NEP-2020 અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર બેચલર ઓફ ફાઈન આર્ટસનું Sem.- 1 અને Sem.- 2નું માળખું, PO, PSO, CO અને Major, Minor, MDC, AEC, SEC અને VAC નો અભ્યાસક્રમ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૧૦/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૩ થી મંજૂર થયેલ અભ્યાસક્રમને જરૂરી સુધારા સાથે મંજૂર કરવા ફાઈન આર્ટસ વિષયની નિયુકત એડહોક અભ્યાસ સમિતિના કન્વીનરશ્રીએ અભ્યાસ સમિતિવતી તેમજ વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખાવતી કાર્યકારી ડીનશ્રીએ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજુર કરવામાં આવે છે. તથા આ અભ્યાસક્રમને AEC, SEC અને VAC ના સંબધિત બાસ્કેટમાં સમાવેશ કરવો.**<br>**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ના પ્રથમ સેમેસ્ટર માટે જ VAC હેઠળના IKS કોર્સ માટે ફાઈન આર્ટસ અભ્યાસક્રમની એડહોક અભ્યાસ સમિતિએ સુચવેલ અભ્યાસક્રમને મંજુરી આપવી.** |

| | |
|---|---|
| ૨૮. | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત મેડીકલના એમ.બી.બી.એસ. સ્નાતક અભ્યાસક્રમના નવા કોર્ષ મુજબ મેડીકલનાં (FIRST, SECOND & THIRD PART I & II ) ની થીયરી પરીક્ષામાં (MCQ) નું સેકશન OMR SHEET દ્વારા લેવામાં આવે તો OMR SHEET નું ઝડપી અને સચોટ મુલ્યાંકન OMR Reading (૨૦ પ્રશ્નો) સ્કેનર દ્વારા થઈ શકે અને પરીક્ષક દ્વારા મુલ્યાંકનનો સમય પણ બચી શકે. હાલમાં બે પાનાની પુરવણી, MCQ સેકશન માટે વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. OMR SHEET એક જ પાનાની હોય છે તો આ રીતે પેપર પણ બચાવી શકાશે. તેમજ જરૂરીયાત મુજબની માહિતી OMR SHEET માં ભરાવી શકાય જે અંગે તા.૨૦/૧૦/૨૦૨૩નો ડીનશ્રીનો અભિપ્રાય **" રજુઆતનો અમલ કરવા ભલામણ છે."** જે અંગે વિચારણા કરવા બાબત.<br><br>**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે અધરધેન ડીનશ્રીની ભલામણ સ્વીકારી આગળની કાર્યવાહી કરવી.** |

**ક્રમાંક :એસ./એ.કા./કા.વા./૨૭૪૩૮/૨૦૨૩**
**તા.૨૦/૧૦/૨૦૨૩**

Sd/-
**કુલસચિવ**

**પ્રતિ,**
**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ.....**